सा विद्या विमुक्तये

# શારદ

વર્ષ ૩૧ ઓકટોબર - ૨૦૧૧ અંક-૨

## વાલીઓને.....

શાળામાં વિદ્યાર્થી છએક કલાક રહેતો હોય છતાં આ માટે તેણે આઠેક કલાક જેટલા સમયની મર્યાદામાં ભૂખ્યા રહેવાનું થાય. એની ચંચળતા, રમતગમતની વૃત્તિ વગેરે જોતાં વચ્ચે કંઈક ને કંઈક ખોરાક લે તે આવશ્યક છે.

આજે સમયના અભાવે આ સમય દરમ્યાન આ વિદ્યાર્થીઓને જે નાસ્તો કરવાનો આવે છે તે તૈયાર કરેલા નાસ્તાના પેકેટ મોટાભાગે હોય છે તેવું જોવા મળ્યું છે. આ નાસ્તાઓમાં તાજગી તો હોતી જ નથી પરંતુ વિદ્યાર્થીના સ્વાસ્થ્યને ભારે નુકસાન થાય તેવા પદાર્થો જેવા કે રંગો, પ્રીઝર્વેટીવ, ખાવા યોગ્ય ના હોય તેવા તેલમાં તળેલા આ નાસ્તા ભારે નુકસાન કરે છે.

આજે વિદ્યાર્થીઓના સ્વાસ્થ્યનું સર્વે અનેક ઠેકાણે કરવામાં આવે છે તેના તારણો એ છે કે આ વિદ્યાર્થીઓમાં ચરબીનું પ્રમાણ વધુ હોય છે અને બ્લડ પ્રેશર, ડાયાબીટીસ જેવા આ ઉમરે કલ્પી પણ ન શકાય તેવા રોગોથી આજનો વિદ્યાર્થી વિમુક્ત નથી.

બાળકના નાસ્તા માટે ખાસ કોઈ તૈયારી કરવાની જરૂર નથી. ખરેખર તો આપણે રોજીંદા જીવનમાં જે ખોરાક લેતા હોઈએ છીએ તે જ ખોરાક તેના નાસ્તાના ડબ્બામાં મૂકીને આપણે તેનું સ્વાસ્થ્ય સારી રીતે સાચવી શકીએ છીએ. વિદ્યાર્થીને નાસ્તો ભાવે તે માટે થોડી ઘણી મહેનત કરવામાં આવે તો પણ આપણા બાળકના સ્વાસ્થ્ય માટે તે શ્રમ કરવા જેવો છે. થોડીક કલ્પનાશીલતાથી આ નાસ્તો સ્વાદિષ્ટ બનાવી શકાય.

આ નાસ્તાઓ લંચબોકસમાં ભરવા માટે પણ થોડી કાળજી લેવી જરૂરી છે. નાસ્તાના ડબ્બા હવે મોટે ભાગે પ્લાસ્ટીકના આવે છે. આ પ્લાસ્ટીક ખાદ્ય પદાર્થો સાથે સંપર્કમાં આવતાં તેમાં રહેલાં કેમીકલ્સ ખાદ્ય પદાર્થોમાં ભળી જતાં ભારે નુકશાનકારક બને છે. જો આવા લંચબોકસમાં નાસ્તા ગરમાગરમ મૂકવામાં આવે તો આ પ્રક્રિયા ખૂબ જ ઉગ્ર બનતી હોય છે એટલે નાછૂટકે આવા લંચબોકસનો ઉપયોગ કરવાનો થાય તો ફ્રીઝમાં ખૂબ ઠંડા કરેલા નાસ્તા લંચબોકસમાં ભરવા જોઈએ. બાળક એ નાસ્તો ખાય ત્યાં સુધી તેનું ઉષ્ણતામાન સામાન્ય બની જાય છે. લંચબોકસમાં મૂકવામાં આવતો નાસ્તો શક્ય હોય ત્યાં સુધી ફોઈલ કે ટ્રાન્સપરન્ટ રેપરમાં મૂકવામાં આવે તે આવકારદાયક છે. નાના બાળકોના નાસ્તામાં ફણગાવેલા મગ, ચણા, મઠ જેવા કઠોળ, સલાડ થોડા સ્વાદિષ્ટ બનાવીને આપવામાં આવે તો તેને માટે ખૂબ લાભદાયક બને છે. લંચબોક્સ સ્ટીલનો હોય તે આદર્શ છે અને નાના ટીફીનમાં સમતોલ આહાર આપવામાં આવે તો તે આદર્શ વ્યવસ્થા ગણી શકાય.

**દિનુભાઈ દવે**

## ભારતીય સંગીતનું માધુર્ય - ફ્રાન્સમાં

જુલાઈ ઓગસ્ટ માસ એટલે સમગ્ર યુરોપનો ખુશનુમા મોસમનો સમય. આ સમયમાં દરેક શહેર, ગામ, ગામડું પોતાની રીતે ઉત્સવો ઉજવે. ૧૯૯૧માં જુલાઈ માસમાં ફ્રાંસની એક સંસ્થા તરફથી લોકનૃત્યો માટેનું એક નિમંત્રણ મળ્યું. ૧૨ વર્ષથી નીચેની ઉમરના પચીસેક બાળકો લઈ જવાના અને તેમને જુદા જુદા કુટુંબો સાથે રાખવાના અને લોકનૃત્યના કાર્યક્રમો આપવાના. ૧૨ વર્ષથી નીચેની ઉમરના પચીસેક ભાઈબહેન આ માટે તૈયાર થયા અને દસેક ગરબાઓ કાર્યક્રમમાં આપવા માટે તૈયાર કરવામાં આવ્યા.

પહેલે દિવસે જે અનુભવ થયો તે છેક સુધી આનંદપ્રદ રહ્યો. જુદા જુદા દેશમાંથી અનેક લોકનૃત્યોની ટુકડીઓને નિમંત્રણ અપાતા અમારી સાથે લગભગ આઠેક જૂથો હતા. જેઓ મેકસીકો, ઈઝરાયલ, જર્મની, બ્રિટન, આફ્રિકા એમ વિવિધ દેશોમાંથી આવેલા.

બાળકોને જુદા જુદા કુટુંબમાં મૂકવામાં આવેલા. તેઓને લઈને આ કુટુંબના સભ્યો કાર્યક્રમના સ્થળે આવેલા. કાર્યક્રમ ખુલ્લા વિશાળ મેદાનમાં એક સ્ટેજ બાંધેલું હતું ત્યાં આપવાનો હતો. આ સમગ્ર વિસ્તાર લીલીછમ હરીયાળીથી છવાયેલો હતો. એક ભાગમાં જમીનમાં ચૂલા બનાવીને પથ્થરો મૂકી તેના ઉપર મોટાં તપેલા મૂકયા હતા અને નીચેથી લાકડાનો તાપ કરવામાં આવ્યો હતો. જાણે કે કોઈ ભારતના જ પ્રદેશમાં હોઈએ તેવું લાગતું હતું. જુદા જુદા સ્ટોલ્સ હતા ત્યાં ખાવાની વાનગીઓ આ તપેલામાં તૈયાર થતી તે મોકલવામાં આવતી અને લોકો તેને લઈને હરતા ફરતા ખાતા તો કેટલાક વિશાળ ટેન્ટ બાંધેલો હતો તેમાં બેઠા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં ઈઝરાયલ, મેકસીકો એમ ત્રણ ચાર દેશોના કાર્યક્રમો થયા પછી જાહેરાત ઈન્ડે એ નામથી કરવામાં આવી એટલે આપણો કાર્યક્રમ આપવાનું થયું. આ વિશાળ હરીયાળીમાં લોકો હાથમાં જમવાનું લઈને ખાતા જતા હતા અને કાર્યક્રમ જોતા હતા પણ જેવો આપણા ગરબાનો ઉપાડ થયો કે કોઈ જુદી જ જાતનો કાર્યક્રમ અને જુદી જ જાતનું સંગીત સાંભળીને લોકો સ્ટેજ તરફ આવવા લાગ્યા. આપણે વારાફરતી ત્રણેક ગરબા રજૂ કર્યા. તે સ્ટેજની આજુબાજુ અર્ધવર્તુળાકારમાં ગોઠવાઈને લોકો કાર્યક્રમ જોતા હતા. અત્યંત રસપૂર્વક પૂરો કાર્યક્રમ જોયો. ભારતીય સંગીતનું અનેરું આકર્ષણ તેમને સ્પર્શી ગયું.

કાર્યક્રમના બીજા દિવસે અમારા યજમાન સાથે અમે વાતોએ વળગ્યા હતા ત્યારે તેમણે ખૂબ હર્ષથી જણાવ્યું કે ભારતીય સંગીતમાં જે મધુરતા છે તેનાથી અનેરો આનંદ મળે છે. મેં જોયું કે એમને સંગીતનો શોખ હતો કારણકે તેમની દીવાલ ઉપર કેટલાક વાજીંત્રો હતા. તેમણે કહ્યું કે પાશ્ચિમાત્ય સંગીતમાં ધમાધમ હોય તેવું લાગે છે તેના સ્થાને ભારતીય સંગીત સાંભળવું ખૂબ ગમે છે. ભારતીય સંગીતની શાસ્ત્રીય જાણકારી તેમને હોય તેવું તેમની વાત પરથી જાણ્યું. એક સુંદર કાર્યક્રમ રજૂ કરવા બદલ તેમણે ખૂબ ખૂબ અભિનંદન આપ્યા.

**દિનુભાઈ દવે**

## ‘ભણતરનો ભ્રમ નવી પેઢીને કયાં લઈ જશે ?’

‘બેન ! મારી દીકરીના એડમિશન માટે આવ્યો છું. એને બીજા ધોરણમાં એડમિશન લેવાનું છે, મળશે તો ખરું ને !’

વર્ગમાં જગ્યા હોઈ તેને પ્રવેશ તો મળ્યો.

સત્ર શરૂ થતાં વર્ગશિક્ષકે દુઃખ સાથે જણાવ્યું કે આ બાળકને બીજા ધોરણમાં દાખલ કર્યું હોવા છતાં તેને ખરેખર તો પહેલા ધોરણનું પણ મૂળાક્ષરો ઓળખવા જેવી માહિતી તે કરી શકતો નથી. આ ઉપરથી વાલીને બોલાવ્યા પરંતુ આજકાલ કરતા કેટલાય દિવસો થયા છતાં તેઓ આવ્યા જ નહિ. આ વિદ્યાર્થીના વર્ગના અન્ય બાળકો સાથે તે કામ કરી શકતી ન હતી કારણકે મૂળાક્ષરોનું જ્ઞાન પણ તેની પાસે ન હતું. વર્ગના અન્ય બાળકોના અભ્યાસને કારણે આ બાળકને વ્યક્તિગત કોઈ માવજત આપી શકાય તેમ હતું નહીં.

આ દરમ્યાન અન્ય એક વાલી પણ મળવા આવ્યા તેઓ પોતાના બાળકની નોટો જોતા હતા અને એમને લાગ્યું કે આ બાળકનો અભ્યાસ ઘણો કાચો હોઈ તેને નીચેના ધોરણમાં મૂકવામાં આવે તો સારું તેમણે શાળાને વિનંતી કરી કે મારું બાળક અભ્યાસમાં નબળું હોઈ તેનો અભ્યાસ કાચો ન રહે તેથી તેને હું નીચેના ધોરણમાં મૂકવા માંગું છું. તેમણે આ માટેની અરજી પણ આપી આની સામે અંકિતા કંઈ જ અભ્યાસ કરી શકતી ન હોવા છતાં, વારંવાર જણાવવા છતાં વાલી મળવા ન આવ્યા.

જુલાઈ મહિનો ગયો, ઓગસ્ટ પૂરો થવા આવ્યો. પરીક્ષા હવે આવશે, આવશે એવી હવા શરૂ થઈ અને અંકિતાના વર્ગ શિક્ષક એની નોટ સાથે એને લઈને આવ્યાં ‘બેન ! આ જુઓ અંકિતાની નોટો. દરેક નોટોમાં રોજ જ નોંધ લખું છું કે અંકિતા કશું જ લખતી નથી, વાલીએ રૂબરૂ મળવા આવવું, આજકાલ કરતા કેટલાય દિવસો થઈ ગયાં... કશું જ વળતું નથી, એને હું શીખવું કેવી રીતે ? એને એકડો, બગડો કશું જ ફાવતું નથી, માત્ર ઉભા ને આડા લીટા કરે છે. એના વાલીને બોલાવો, અને કંઈક કરો ને !’ એના વર્ગશિક્ષક એની પાછળ મહેનત કરી કરીને ય નાસીપાસ થઈ ગયાં હતાં, વર્ગમાં કંઈ અંકિતા એકલી ઓછી જ હતી ! બીજા છોકરાંઓ તરફ પણ ધ્યાન તો આપવું જ પડે ને !

એના મમ્મી પપ્પાને ફોન કર્યો, મમ્મી તો ન આવ્યાં, પણ પપ્પા આવ્યાં, એમને નોટ બતાવી, તો કહે ‘બેન ! એ રોજ રોજ નોટ જોવાનો અમને ટાઈમ કયાંથી હોય ? અમે તો તમને સોંપી છે ભણાવવાનું કામ તમારું છે કંઈ અમારું ઓછું જ છે ! ભણાવવા માટે તો સ્કૂલમાં મોકલીએ છીએ ને આટલી ફી ભરીએ છીએ..’

‘પણ ભાઈ, એને હજી પહેલા ધોરણના એકથી સો કે કક્કો બારાખડી જ નથી આવડતા તો આગળ તો કયાંથી શીખવી શકાય ? તમે એક કામ કરો, એને પહેલા ધોરણમાં મૂકી દો તો એનું બરાબર ઠેકાણું પડી જાય...પછી તકલીફ ન રહે...’

આ સાંભળી ઘડીભર તો અંકિતાના પપ્પાને પણ વાત જચી ગઈ, અને કહે, ‘હા, એ વાત વિચારવા જેવી ખરી...’ મને પણ થયું કે જો એવો નિર્ણય લેવાય તો અંકિતાની ગાડી પાટે ચઢી જાય ખરી...

બે ત્રણ દિવસ એમની રાહ જોઈ, આ ફેરફાર માટે એમની લેખિત પરવાનગી તો જોઈએ, એટલે મળવા બોલાવ્યા તો કંઈક નવી જ વાત બહાર આવી, ‘બેન ! હું શું કામ એનું વરસ બગાડું ? એ જવાબદારી તો તમારી છે, તમારે એને તૈયાર કરવી જ પડે, નથી આવડતું ત્યારે તો સ્કૂલમાં મોકલીએ છીએ, એને તૈયાર કરવાની જવાબદારી તમારી છે.’ આવા માબાપને મારે શું કહેવું ? આજે એકબાજુ આપણે એવા માબાપ જોઈએ છીએ જેમની મહત્વાકાંક્ષાને કોઈ મર્યાદા હોતી નથી અને તેમને તેમના સંતાનોને ટોપર બનાવવા છે અને એટલે જૂનીયર કે.જી અને સીનીયર કે.જી. માં હોય ત્યારથી જ ટયુશનનના વિષચક્રમાં તેમને ફસાવે છે, એમના બાળપણને છીનવી લે છે, એમને એક એક માર્ક માટે હંફાવે છે, બાળપણથી જ એકઝામ ફોબીયાના મૂળ રોપે છે, એમણે એમનો કોલર ઉંચો રાખી કહેવું છે કે ‘મારા સંતાનને તો બધાં જ વિષયમાં હાઈએસ્ટ માર્કસ આવ્યાં છે ને એ ખૂબ તેજસ્વી છે’ એને નથી સખે રમવા દેતાં, નથી સખે ખાવા દેતાં કે નથી સખે ઊંઘવા દેતાં એટલું જ નહીં પણ હજી તો માંડ પરીક્ષા પતે ત્યાં રીઝલ્ટ ફોબિયા શરૂ થાય છે, ત્યારે બીજી બાજુ એવા માબાપ છે કે જેને સરકારે કરેલી આવી જાહેરાતોની છત્રછાયા હેઠળ છોકરાંને શું આવડયું કે શું ન આવડયું એની કશી ફિકર જ નથી, માત્ર સાતમું કયાં ? હવે તો આઠમા સુધીનું સર્ટીફીકેટ મળી ગયું એટલે ગંગા નાહયા... કેટલું આવડયું એની કોને ફીકર છે ? નોકરી તો સર્ટીફીકેટ પર જ મળશે ને ! આપણે કયાં સુધી આપણી જાતને છેતર્યા કરીશું ? નવી પેઢીનું અહિત કર્યા કરીશું ?

**ઊર્મિલા શાહ**

## સંસ્થાનો સ્થાપનાદિન

તા.૬-૮-૧૧ને શનીવારે શારદામંદિરનો ૮૮ મો સ્થાપનાદિન બાલમંદિર ખાતે ખૂબ ઉલ્લાસભેર ઉજવાયો. શારદામંદિરમાં હંમેશા બાળક કેન્દ્રસ્થાને રહ્યું છે અને એટલે એના સ્થાપના દિનને દિવસે મુખ્ય અતિથિને હસ્તે બાળકનું વિધિવત્ પૂજન કરવામાં આવે છે ઉપરાંત આ પ્રસંગે ખાસ કરીને મુખ્ય મહેમાન તરીકે શાળાનાં ભૂતપૂર્વ વિદ્યાર્થી અથવા શાળાના વાલીની પસંદગી કરવામાં આવે છે. આ સ્થાપનાદિને શાળાની ભૂતપૂર્વ તેજસ્વી વિદ્યાર્થિની બેન હરિતા શાહને આમંત્રણ આપવામાં આવ્યું હતું. આટલા વર્ષો પછી શાળામાં આ રીતે આવતા તેના આનંદને કોઈ સીમા ન હતી. તેણે ખૂબ લાગણીસભર રીતે તેનાં શાળાજીવનનાં સંસ્મરણોને વાગોળ્યાં, મુ.જયશ્રીબેને એનામાં આત્મવિશ્વાસ પ્રેર્યો હતો, ઊર્મિબેને એને માનો પ્રેમ અને માર્ગદર્શન આપ્યાં હતા, પૂ.દિનુભાઈ એટલે તો જાણે દાદાજીની શીળી છાયા. બેન હરિતાના હૃદયની આ અભિવ્યક્તિએ વાલીઓને એમનાં બાળકોને શારદામંદિરમાં મૂકવા માટે બીરદાવ્યાં.

કાર્યક્રમનો પ્રારંભ મા સરસ્વતીની સ્તુતિથી થયો. પૂ.દિનુભાઈએ બેન હરિતા તથા આમંત્રિતો અને વાલીઓનું સ્વાગત કર્યું... અને ત્યાર પછી બાલરથીને લઈને બાલરથ આવી પહોંચ્યાં. નિર્દોષ, નમણાં એ બાલરથીની આંખોમાં ભાવિનાં કેવા શમણાં ચમકતાં હતાં ! અને તેમાં બેન હરિતાએ તેમનું પૂજન કર્યું ત્યારે ! ત્યારે તો એમનાં મુખ પર ગૌરવ અને આનંદ... એની અવધિ જ કયાંથી હોય !

ત્યારબાદ ‘હવામાં આજ વહે છે, ધરતી કેરી ખુશખુશાલી’ ભાવનૃત્ય... આટલી નાનકડી બાલિકાઓ રંગબેરંગી ચણીયાચોળીમાં વેણી ગજરા સાથે સજ્જ થઈ એ ખુશનુમા વાતાવરણને અજબ આહલાદક બનાવી દીધું હતું. ત્યારબાદ આવ્યો ગરબો ‘શારદાનાં સાદ રે’ આટલા નાના બાળકોને જાણે ગરબો ગળથૂથીમાંથી મળે છે, એની અહીં પ્રતિતિ થઈ અને ત્યાર પછી છેલ્લે આવી બાલકૂચ ‘ચલો ચલો ચલો... શારદમાના બાળ’ શારદમાના બાળકોનો એ જુસ્સો અદ્‌ભૂત હતો.

આખોય કાર્યક્રમ ખૂબ સફળ રહ્યો. ગાયકવૃંદ અને શિક્ષકગણની મહેનત ખીલી ઉઠી. એ બધાં વચ્ચે એક નાનકડી વસ્તુ જ માત્ર ખટકી.આપણે માબાપો આપણને ઈશ્વર આટલી સરસ દીકરીઓ આપે છે ત્હોંય એના વાળ કપાવી બૉયકટ કરાવી દઈએ છીએ અને આવા કાર્યક્રમ વખતે મોટા ભાગનું શરીર ખુલ્લું રહે તેવા કપડાં પહેરાવીને છેલ્લે વખતે બાળકને કાર્યક્રમમાં મોકલી દઈએ છીએ ત્યારે આખાય કાર્યક્રમની પાછળ કરેલી મહેનત પાછળ

એક ડંખ લાગી જાય છે અને પેલું બાળક પણ ક્ષોભ અનુભવે છે, શું માબાપ એને ઈશ્વરે આપેલ સુંદર વાળથી સુસજ્જિત કરી એનામાં આત્મવિશ્વાસ પ્રેરી કાર્યક્રમને વધુ સફળ ન બનાવી શકે ! પશ્ચિમની સંસ્કૃતિની પાછળ આંધળી દોટમાં આપણે કયાં સુધી દોડીશું ? આપણા ભારતની ભવ્ય સંસ્કૃતિના વારસાને કેમ ભૂલાય !!!!!!

# સંસ્થાકીય સમાચાર

## બાલવાડી

બાલવાડીના બાળકો સંગીત સાથે શાળામાં અપાતી વિવિધ પ્રવૃત્તિઓમાં સુંદર રીતે ભાગ લેતા થઈ ગયા છે.

નાના ભૂલકાઓને આ મહિના દરમ્યાન વિવિધ તહેવારો નિમિત્તે વાર્તા કહી તહેવારોનું મહત્વ સમજાવ્યું. રક્ષાબંધન નિમિત્તે તિલક કરી રાખડી બાંધી પેંડા ખવડાવી ગળ્યુ મોં કરાવ્યું. જન્માષ્ટમી નિમિત્તે શ્રીકૃષ્ણ ભગવાનનાં બાળપણનાં પ્રસંગો વાર્તા રૂપે રજૂ કર્યા. "નંદ ઘેર આનંદ ભયો" "હાથી ઘોડા પાલખી, જય કનૈયા લાલકી" ની ધૂન બોલાવી. વાતાવરણ ઉલ્લાસમય બન્યું. ગણેશચતુર્થી નિમિત્તે ગણપતિદાદાની વાર્તા કહી. 'ગણપતિ બાપા મોરિયા' ના નાદથી વાતાવરણ ગૂંજતુ કર્યું. સંવત્સરી નિમિતે જૈન સ્તવન ગાઈ તહેવારનું મહત્વ સમજાવ્યું.

## બાલમંદિર

તા.૮-૮-૧૧ને સોમવારે પવિત્ર શ્રાવણ માસમાં પૂજાનું મહત્વ સમજાવી પૂજામાં વપરાતી દરેક સામગ્રીથી માહિતગાર કરી સમૂહ પૂજા કરવામાં આવી. પૂજા કરી, બાળકોને પ્રસાદ ખાવાની ખૂબ મજા આવી.

તા.૧૨-૮-૧૧ને શુક્રવારે રક્ષાબંધનના ધાર્મિક તહેવારની સમજ સમૂહવાર્તા દ્વારા આપી. ભાઈબહેનના અતૂટ પ્રેમના પ્રતીક સમા સૂતરના ધાગાનું મહત્વ સમજાવી રાખડી બાધી મોં મીઠું કરાવ્યું.

૧૫ મી ઓગસ્ટ નિમિત્તે રાષ્ટ્રધ્વજની સમજ આપી તેના રંગો શું સૂચવે છે એ અંગે માહિતી આપી.

મહાવીર જયંતિ નિમિત્તે મહાવીર ભગવાનની ધૂન, સ્તવન ગવડાવ્યા. નાની બાળાઓએ સુંદર પૂજા નૃત્ય કર્યું.

ગણેશ ચતુર્થી નિમિત્તે ભગવાન ગણેશનું સ્થાપન કર્યું. ઢોલ નગારા સાથે નાના બાળકોએ ભગવાનને ઉત્સાહભેર આવકાર્યા. રોજ ગણપતિદાદાની આરતી કરી પ્રસાદ ખાવાની મજા માણી. સમૂહવાર્તા દ્વારા આ તહેવારનું મહત્વ સમજાવ્યું.

૫ મી સપ્ટેમ્બર શિક્ષકદિન નિમિત્તે નાના ભૂલકાઓને સાચા ઘડવૈયા શિક્ષકનું તેમના જીવનમાં કેટલું મહત્વ હોય છે એ સમજાવી ગુરૂવંદના કરાવી.

તા.૨-૧૦-૧૧ને ગાંધી જયંતિ હોવાથી તા.૩૦મીના રોજ પૂ.ગાંધીજીનાં જીવન વિશે બાળકોને વાત કરી પૂ.બાપુના ફોટાને સૂતરની આંટી પહેરાવી.

## શિશુમંદિર

તા.૧૫-૭-૧૧નાં રોજ ગુરુ પૂર્ણિમા નિમિત્તે મહામંત્રી ભાઈબહેનોએ વકતવ્ય રજુ કરી ગુરુવંદનાનો કાર્યક્રમ રજૂ કર્યો.

તા.૧૧-૮-૧૧નાં રોજ ધો.૩,૪ માટે રાખડી સ્પર્ધા યોજાઈ. તા.૧૯-૮-૧૧ના રોજ બાળકોએ કૃષ્ણ જન્મોત્સવ ઉત્સાહપૂર્વક ઉજવ્યો.

### આંતરગૃહ સ્પર્ધાઓ :

| | | | |
|---|---|---|---|
| **રાખડી સ્પર્ધા** | | તા.૧૧-૮-૧૧ | |
| | પ્રથમ | ધ્રુવી અધ્વર્યુ | ધવલગિરિ |
| | દ્વિતીય | રાજવી પટેલ | ગંગોત્રી |
| | | સ્તુતિ શાહ | રત્નદીપ |
| | તૃતીય | કશિશ શાહ | મેઘનાદ |
| | | ખ્યાતિ શાહ | મેઘનાદ |
| | | ક્રુતિ શાહ | ગંગોત્રી |
| **પારણા સ્પર્ધા** | | તા.૧૮-૮-૧૧ | |
| | પ્રથમ | માર્ગી ભટ્ટ | ધવલગિરિ |
| | દ્વિતીય | ધૈર્યા ઠક્કર | રત્નદીપ |
| | | ખુશાલી શાહ | ગંગોત્રી |
| | તૃતીય | આશના અગ્રવાલ | રત્નદીપ |
| | | હેત્વી ત્રિવેદી | મેઘનાદ |
| **પંચાજીરી સ્પર્ધા** | | તા.૧૮-૮-૧૧ | |
| **સ્વાદ** | પ્રથમ | ખુશ્બુ ઠાકર | રત્નદીપ |
| | દ્વિતીય | ઝીલ શાહ | ગંગોત્રી |
| | | કવિશા શાહ | ગંગોત્રી |
| | તૃતીય | ઋજુલ પટેલ | મેઘનાદ |
| **ડેકોરેશન** | પ્રથમ | સ્મિત ભાવસાર | ગંગોત્રી |
| | દ્વિતીય | કરીના શાહ | ધવલગિરિ |
| | તૃતીય | અમન શાહ | ધવલગિરિ |
| | | ટ્વિંકલ સોની | મેઘનાદ |
| **ગણેશમૂર્તિ સ્પર્ધા :** | | તા.૩-૯-૧૧ | |
| | પ્રથમ | નૂપુર મહેતા | ગંગોત્રી |
| | દ્વિતીય | હાર્દિ શાહ | ધવલગિરિ |
| | તૃતીય | વિશ્વા કકૈયા | ગંગોત્રી |
| | | બ્રિન્દા પારેખ | ધવલગિરિ |
| | | જૈનમ શાહ | રત્નદીપ |
| **નંદાવર્ત સાથિયા સ્પર્ધા :** | | તા.૩-૯-૧૧ | |
| | પ્રથમ | રીશી શાહ | રત્નદીપ |
| | દ્વિતીય | ખુશ્બુ શાહ | ગંગોત્રી |
| | | કવિશા શાહ | ગંગોત્રી |
| | તૃતીય | અક્ષત શાહ | મેઘનાદ |
| | | સ્તુતિ શાહ | રત્નદીપ |

## SHARDAMANDIR MODERN SCHOOL

તા.૧૬-૮-૧૧ના રોજ ધો.૩ અને ૪ ના વિદ્યાર્થી ભાઈબહેનો માટે રાખડી સ્પર્ધા યોજવામાં આવી.

તા.૧૯-૮-૧૧ના રોજ જન્માષ્ટમી મહોત્સવ યોજવામાં આવ્યો.

### આંતરગૃહ સ્પર્ધાઓ :

| | | | |
|---|---|---|---|
| **વકતૃત્વ સ્પર્ધા** | | તા.૨૯-૭-૧૧ (ધો.૮,૯,૧૧) | |
| | પ્રથમ | નીનાદ બુચ | પલાશ |
| | દ્વિતીય | મેહા શાહ | પલાશ |
| | | મૌલી સોની | પારીજાત |
| | તૃતીય | જય ભટ્ટ | પલાશ |
| | | હેલી દલાલ | અમલતાસ |
| | | અંજસી શાહ | પલાશ |
| **વકતૃત્વ સ્પર્ધા** | | તા.૪-૮-૧૧ (ધો.૫,૬,૭) | |
| | પ્રથમ | પ્રાર્થના ઝાલા | પલાશ |
| | દ્વિતીય | સિધ્ધાંત શાહ | પારીજાત |
| | | વિરાગ શાહ | પારીજાત |
| | તૃતીય | પ્રિયલ શાહ | પલાશ |
| | | રૂદ્ર માંકડ | અમલતાસ |

## વિનયમંદિર

તા.૧૫-૭-૧૧ના રોજ ગુરુપૂર્ણિમા નિમિત્તે વિદ્યાર્થીઓએ 'ગુરૂર્દેવો ભવ' વિશે ભાવવાહી વકતવ્ય રજૂ કર્યા અને ગુરુવંદનાનો કાર્યક્રમ કર્યો. ગૃહનેતાઓએ બધા શિક્ષકો તથા પૂ.દિનુભાઈનું બહુમાન કર્યું અને આશીર્વચન મેળવ્યા.

તા.૫-૯-૧૧ના રોજ સ્વયંશિક્ષણદિન ઉજવવામાં આવ્યો. વિદ્યાર્થીઓએ ખૂબ સફળતાપૂર્વક શિક્ષણકાર્ય સંભાળ્યું.

### આંતરગૃહ સ્પર્ધાઓ :

| | | | |
|---|---|---|---|
| **સુભાષિત પઠન સ્પર્ધા** | તા.૨૭-૭-૧૧ | | |
| | પ્રથમ | ભાવિશા ઓઝા | મેઘદૂત |
| | | આયુષી શાહ | ચંદ્રમૌલિ |
| | દ્વિતીય | હીના શુકલ | ચંદ્રમૌલિ |
| | | સમકિત શાહ | ગીતગોવિંદ |
| | તૃતીય | રૂચા ઠાકર | ચંદ્રમૌલિ |
| | | લવ પટેલ | પદ્મપુકુર |
| **પંચાજીરી સ્પર્ધા** | | તા.૧૭-૮-૧૧ | |
| **સ્વાદ** | પ્રથમ | માનસી પરીખ | ચંદ્રમૌલિ |
| | દ્વિતીય | હેતવી દેસાઈ | મેઘદૂત |
| | તૃતીય | રાજ પટેલ | ગીતગોવિંદ |
| **ડેકોરેશન** | પ્રથમ | માનસી પરીખ | ચંદ્રમૌલિ |
| | દ્વિતીય | રાજ પટેલ | ગીતગોવિંદ |
| | | સૃષ્ટિ ઠક્કર | મેઘદૂત |
| | | હેતવી દેસાઈ | મેઘદૂત |
| | તૃતીય | ખુશ્બુ ઠક્કર | મેઘદૂત |
| | | અવની કથીરીયા | ગીતગોવિંદ |
| **પારણા સ્પર્ધા** | | તા.૧૭-૮-૧૧ | |
| | પ્રથમ | મૈત્રી ત્રિવેદી | પદ્મપુકુર |
| | દ્વિતીય | હાર્દી કાનુગા | મેઘદૂત |
| | | વિદીશા શાહ | મેઘદૂત |
| | તૃતીય | શિવાની ત્રિવેદી | ચંદ્રમૌલિ |
| **નંદાવર્ત સાથિયા સ્પર્ધા** | તા.૨૬-૮-૧૧ | | |
| | પ્રથમ | બીરવા શાહ | પદ્મપુકુર |
| | દ્વિતીય | હેતવી દેસાઈ | મેઘદૂત |
| | | જાનકી પટેલ | મેઘદૂત |
| | તૃતીય | કલગી શાહ | ચંદ્રમૌલિ |
| | | ખુશ્બુ પારેખ | ગીતગોવિંદ |
| **ગણેશમૂર્તિ સ્પર્ધા** | | તા.૨૬-૮-૧૧ | |
| | પ્રથમ | હીતાંશી દવે | પદ્મપુકુર |
| | દ્વિતીય | કલગી શાહ | મેઘદૂત |
| | તૃતીય | આરોહી ચૌહાણ | પદ્મપુકુર |
| | | અક્ષત શાહ | પદ્મપુકુર |

### સંસ્થાનું ગૌરવ

તા.૨૯-૪-૧૧ના રોજ તબલા તાલીમ સંસ્થા અને સપ્તક સ્કૂલ ઓફ મ્યુઝિકનાં સંયુક્ત ઉપક્રમે શ્રી મુંજાલ મહેતાના શિષ્યોએ શ્રી રંગમ ઓપન એર થિયેટર, શ્રેયસ ફાઉન્ડેશન ખાતે ૩૧૫ વિદ્યાર્થીઓનું એક સાથે ૧ કલાક અને ૧૮ મિનિટ માટે તબલાવાદન યોજવામાં આવ્યું હતું. જેની ગીનીસ વર્લ્ડ રેકોર્ડમાં નોંધ લેવામાં આવી હતી. આ ગૌરવપૂર્ણ પ્રસંગમાં આપણી સંસ્થાના ભાઈ પ્રેરક પટેલ, જય ભટ્ટ, ધ્યેય ત્રિવેદી, કુશ ભટ્ટ, રૂદ્ર માંકડ, કુશ કડિયા, સિધ્ધાંત શાહ, માનુષ દોશી, હાર્દિક ભટ્ટે ભાગ લઈ સંસ્થાને ગૌરવ અપાવ્યું છે.

## અભિનંદન

### તત્કાલ નિબંધ સ્પર્ધા

| સંસ્થા | વિદ્યાર્થી | ઈનામ |
|---|---|---|
| અખિલ હિંદ મહિલા | ત્રીશા શાહ ૫ અ | પ્રથમ |
| પરિષદ એલીસબ્રીજ | ચાર્મી શાહ ૫ અ | તૃતીય |
| શાખા | ધૈર્યા ઠક્કર ૬ અ | પ્રથમ |
| | ગ્રેસી પટેલ ૬ બ | દ્વિતીય |
| | મોક્ષા પારેખ ૬ અ | તૃતીય |
| | પરિતોષ યાજ્ઞિક ૭ | દ્વિતીય |
| | રિધ્ધિ વોરા ૮ બ | દ્વિતીય |
| **સુગમ સંગીત સ્પર્ધા** | | |
| અખિલ હિંદ મહિલા | નીનાદ બુચ ધો.૯ | દ્વિતીય |
| પરિષદ અમદાવાદ શાખા | | |

### કૃષ્ણ જન્મ મહોત્સવ

તા.૧૯-૮-૧૧ ને શુક્રવારે બાલમંદિરમાં કૃષ્ણ જન્મ મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી. આપણી સંસ્કૃતિનો ભવ્ય વારસો નવી પેઢીને હૃદયમાં સ્થાપિત કરવા માટેનું આ એક અસરકારક માધ્યમ છે.

કંસના પાત્રમાં ભાઈ નેત્રમની અભિવ્યક્તિ ખૂબ પ્રશંસનીય રહી. આવી સુંદર સમજપૂર્વકની અભિવ્યક્તિ સાચે જ શાબાશીને પાત્ર છે. 'મેં નહીં માખન ખાયો' માં ભાવપૂર્ણ રીતે બેન હીર દવે અને સ્તુતિ જોષીનું નૃત્ય ખૂબ સુંદર રહ્યું. યશોદાનાં પાત્રમાં સ્તુતિ જોષી, ક્રીશા કૃષ્ણમાં, હીર દવે બાલકૃષ્ણમાં, રાજભાઈ તો જાણે સાક્ષાત પ્રસન્ન બાલકૃષ્ણ જ બની ગયાં. મહાદેવજી અને યશોદાનાં પાત્રમાં આખીય વાતની સમજપૂર્વક નૃત્યના અભિનય સાથેની અભિવ્યક્તિ કરતી બેન ખુશી અને ક્રિશાને જોઈને લાગે જ કે ભવિષ્યમાં આ બધાં જરૂર સારા કલાકારો બની શકશે. અને મુખ્ય નાગણનાં પાત્રમાં પેલી શ્રાવ્યા ! આટલો આત્મવિશ્વાસ ! આટલી ....અભિવ્યક્તિ ! અભિનયશક્તિ ! એ બાળકોને તો ધન્યવાદ આપું એટલા ઓછાં છે. પણ સાથે સાથે એમની સાથે મહેનત કરનાર તેમના શિક્ષિકાબહેનો અને વાલીઓનો સાથ અને સહકાર એ બધાં પણ એટલાં જ ધન્યવાદને પાત્ર છે. આ બધાં સાથે સંગીતનાં સારથી બેન આનલ અને તેમના સાથીદારો તો આ આખાય કાર્યક્રમની સફળતાના મુખ્ય સૂત્રધારો, એ પણ યશના અધિકારી તો ખરાં જ ને ! આખોય કાર્યક્રમ એક સંભારણું બની ગયો.

### નવરાત્રિ મહોત્સવ

તા.૧-૧૦-૧૧ને શનીવારે બાલમંદિરમાં ગરબા મહોત્સવ ઉજવવામાં આવ્યો. રંગબેરંગી ચણીયાચોળી અને ઓઢણીમાં સજ્જ થઈ હલકમય ગરબાની રમઝટ બોલાવતી આ નાનકડી બાળાઓને જોઈને તો થયું કે ગુજરાતણને ગરબો ગળથૂથીમાંથી જ મળે છે એટલું જ નહી પણ આટલા નાના છોકરાંઓએ પણ જે રાસ અને ગરબી રજૂ કર્યા,આ ઉંમરે આટલા પ્રેક્ષકગણની સામે સ્ટેજ પર આત્મવિશ્વાસ સાથે આવીને પ્રેસફુલી જે રીતે તેઓએ ગરબાની રજૂઆત કરી તે સાચે જ ધન્યવાદને પાત્ર હતી. કાર્યક્રમનો પ્રારંભ મા શક્તિની ભાવભરી સ્તુતિ'જય ભગવતિ દેવી' થી થઈ. દીવો પ્રગટાવી શ્રીફળ વધેરી સ્તુતિ કરીને આખું ય વાતાવરણ મા શક્તિની ભક્તિથી ભર્યુંભર્યું બની ગયું.માંડવી જવારા અને ગરબા લઈને બેનોએ અદભૂત કોરીયોગ્રાફી સાથે ગરબો કર્યો. અરે ! બાલવાડીનાં છોકરાંઓનો રાસ ! નાનાં છોકરાંઓની ગરબી, બેનોની હીંચ,દીવા અને મંજીરાની જુગલબંધી, આપણા ટ્રેડીશનલ ગરબા જ રજૂ કરવાનો અમારો ખાસ આગ્રહ રહ્યો છે.આખોય કાર્યક્રમ એક યાદગાર સંભારણું બની ગયો.

### શ્રધ્ધાંજલિ :

શારદામંદિર વિનયમંદિરના ભૂતપૂર્વ આચાર્ય શ્રી દેવેન્દ્રભાઈ દામોદરપ્રસાદ ઠાકરના અવસાનથી સંસ્થા દુઃખની લાગણી અનુભવે છે. સ્વર્ગસ્થના આત્માને પરમાત્મા પરમ શાંતિ અર્પે એવી પ્રાર્થના.

તંત્રી, મુદ્રક પ્રકાશક : દિનુભાઈ દવે, આચાર્ય અને નિયામક,શારદામંદિર,
અમદાવાદ-૩૮૦૦૦૭. Fax : 079 26622480
EMAIL : shardamandir1924@gmail.com